## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



જયંતિભાઈ કાશીરામ પટેલ
(૧૯૪૩) ફોન: ૨૩૨ ૨૪૭૮૯

# સોનારડામાં વિધવા ભાભીના મકાનમાં ઘરફોડ કરનાર સગો દિયર ઝડપાયો

## રૂ.૨ની કડકડતી નોટોથી ખરીદી શરૂ કરતાં ઘરફોડીયો દિયર પકડાયો : ૪૫ હજારના દાગીના ચોર્યા હતાં

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા સોનારડા ગામમાં સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને થયેલી રૂ. ૪૫ હજારની મત્તાની ઘરફોડ ચોરી અંગે ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને કરેલી સઘન તપાસમાં દિયરે જ ભાભીના મકાનમાં ઘરફોડ કરી હોવાનું બહાર આવ્યું છે. ડુપ્લીકેટ ચાવીથી મકાનનો દરવાજો ખોલીને અંદરથી ચોરી કરી બાજુમાં જ આવેલા પોતાના મકાનમાં ચોરીનો માલ દિયરે મુકી દીધો હતો. ડભોડા પોલીસે મુદ્દામાલ રીકવર કરીને ઘરફોડીયા દિયરની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

સોનારડા ગામમાં આવેલા પટેલવાસમાં રહેતા વિધવા મહિલા સુધાબેન રાજુભાઈ પટેલના બંને સંતાનો બહારગામ અભ્યાસ કરતા હોવાથી સુધાબેન ૧૪મી સપ્ટેમ્બરે પિયર રહેવા ગયા હતાં. તેમની બાજુના જ મકાનમાં સગો દિયર પરિવાર સાથે રહે છે. સુધાબેન ૨જી ઓકટોબરે પોતાના ઘરે આવ્યા ત્યારે ઘરના દરવાજાનું તાળું વ્યવસ્થિત હોવા છતાં બીજા મજલે સર-સામાન વેરવિખેર પડેલો જોઈ ચોંકી ઉઠયા હતાં. તેમના મકાનમાંથી ૧૪ સપ્ટેમ્બરથી ૨જી ઓકટોબર સુધીના સમયગાળામાં સોના ચાંદીના દાગીના, પિત્તળના વાસણો તથા રૂ. ૨ની ચલણી નોટોનું બંડલ મળીને રૂ. ૪૫૦૦૦ ચોરી થઈ જવા પામી હતી. ડભોડા પોલીસ મથકે આ બનાવ અંગે સુધાબેને જાણ કરતાં પી.એસ.આઈ. પી.એસ. પરમારે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી. આ ઘરફોડ ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની શકયતાને પગલે પોલીસે આસપાસના મકાનો તથા દુકાનદારોની પુછપરછ કરી હતી. દુકાનદારો પાસેથી જાણવા મળ્યું કે એક વ્યકિત નવી નક્કોર રૂ. ૨ની ચલણી નોટો લઈને દરરોજ આવે છે જેને આધારે શંકા જતાં પોલીસે તે વ્યકિતની તપાસ કરી. તે શખ્સ જેના ઘરમાં ઘરફોડ થઈ હતી તેની બાજુમાં જ રહેતો સગો દિયર હતો. કૌશિક પુંજાભાઈ પટેલ નામના શખ્સને પકડીને પુછપરછ કરી તેના ઘરની તપાસણી કરતાં ચોરીનો મુદ્દામાલ પણ ત્યાંથી મળી આવ્યો હતો સગા દિયરે જ ભાભીના ઘરમાં હાથ માર્યો હોવાની આ ઘટનાએ ગામમાં ચકચાર મચાવી મુકી છે. ડભોડા પી.એસ.આઈ. પી.એલ. પરમારે ઘરફોડીયા દિયરની ધરપકડ કરીને તેની સઘન પુછપરછ આરંભી છે.



રોડ સેફટી - રોટરી કલબ રાઉન્ડ ટાઉન, કલોલ, કલોલ શહેર પોલીસ તથા કલોલ સબ ડીવીઝનલ ઓફિસ દ્વારા ગાંધી જયંતિ ઉજવણી નિમિત્તે કલોલમાં રોડ સેફટી શોનુ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આશરે ૩૫૦૦ જેટલા નાના મોટા વાહનોમાં આર.ટી.ઓ. માન્ય પીળી તથા લાલ પટ્ટી લગાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રોટરી કલબ કલોલના પ્રમુખ પિયુષ એસ. જોષી, ડીવાયએસપી કે.એસ. સવાણી, પી.આઈ.પો.ઓ. ભટ્ટ, આર.જી. ભાવસાર સહિત સૌએ રોડ સેફટીનો કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. **(તસવીર : વિપુલ ચૌહાણ)**

## કલોલમાં રીક્ષા-ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં ત્રણ ઘવાયા

કલોલ, તા. ૬

કલોલ શહેરના મુવીપ્લેકસ થિયેટરની સામે હાઈવે પરથી મોડી સાંજે પસાર થઈ રહેલા ટ્રેક્ટરને પુરઝડપે આવી રહેલી લોડીંગ રીક્ષાના ચાલકે ધડામ સાથે અથડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી જે ત્રણેયને તાત્કાલીક અમદાવાદ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. કલોલ શહેર પોલીસે રણછોડભાઈ પ્રજાપતિની ફરીયાદને આધારે લોડીંગ રીક્ષા ચાલક વજીર પ્રતાપભાઈ વિરૂદ્ધ ગુનો દાખલ કરીવધુ તપાસ શરૂ કરી છે.

## કલોલમાં વરલીમટકાનો જુગાર રમાડતા એક ઝડપાયો

કલોલ, તા. ૬

કલોલ શહેરના ગામના ટેકરા પાસે જુના જકાતનાકા નજીક એક શખ્સ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે કલોલ શહેર પોલીસે રેડ પાડીને તે વિસ્તારમાંથી સાંજના સુમારે વરલી મટકાના સાહિત્ય સાથે પટેલ કનુ બાબુભાઈને રંગેહાથ ઝડપી પાડી રૂ. ૫૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. કલોલ શહેર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## શેરીસા કેનાલમાંથી પ્રૌઢાનો મૃતદેહ મળ્યો

કલોલ, તા.૬

કલોલના શેરીસા ગામમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢા ગંગાબેન સોનાજી ઠાકોરનો આજે બપોરના સુમારે શેરીસા નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે કલોલ તાલુકા પોલીસને જાણ થતા હે.કો. લક્ષ્મણભાઈ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહર લાવવા અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# સોહરાબ કેસ : આરોપીઓને સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરાયા

## મુંબઈમાં ટ્રાયલ ઉપર તમામની નજર : ખાસ અદાલત સમક્ષ અમિત શાહ અન્યોને હાજર કરાયા બાદ હવે હાજરી મુંબઇ કોર્ટમાં થશે : કોર્ટે તારણો આપ્યા

અમદાવાદ, તા. ૬

સોહરાબુદીન શેખ બનાવટી



એન્કાઉન્ટર કેસમાં આજે ગુજરાતના ભૂતપૂર્વ પ્રધાન અમિત શાહ સહિત અન્ય તમામ આરોપીઓને ખાસ સીબીઆઈ કોર્ટમાં ઉપસ્થિત કરવામા આવ્યા હતા. સુપ્રીમના આદેશ મુજબ આ મામલો હવે મુંબઈમાં ખસેડવામાં આવ્યો છે જેથી આજે તેમની છેલ્લી હાજરી હતી. કોર્ટે કેટલાક તારણો પણ આપ્યા હતા. સોહરાબુદ્દીન કેસમાં આજે સવારે પૂર્વ ગૃહરાજ્યમંત્રી અમિત શાહ હાજર થઈ ગયા હતા. તે પછી અન્ય આરોપીઓ યશપાલ ચૂડાસમા, અજય પટેલ, રાજુ જીરાવાલા, વી. એ. રાઠોડ, અજય પરમાર, સંતરામ શર્માએ સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં હાજરી આપી હતી. બધા જ આરોપીઓ હાજર થઈ જતાં હવે આ કેસ મુંબઈ ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. સોહરાબુદીન એન્કાઉન્ટર કેસમાં અમિત શાહ સહિતના આરોપીઓ સ્પે. સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર થયા હતા ત્યાર બાદ કોર્ટે જણાવ્યું હતું કે, હવે આ તમારી આ કોર્ટમાં છેલ્લી હાજરી છે હવે તમારી હાજરી મુંબઈની કોર્ટમાં જશે. અમિત શાહ, અજય પટેલ, યશપાલ ચુડાસમા વી. એ. રાઠોડ સહિત અન્ય લોકો સવારે ૧૦.૩૦ વાગે જ કોર્ટ સમક્ષ હાજર થઈ ગયા હતા. ત્યાર બાદ અમિત શાહે હાજરી પુરાવી હતી અને જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર મારે સીબીઆઈ કોર્ટ ખાતે આજે હાજર રહેવાનુંછે. જેથી તેઓ હાજરી પુરાવી સીબીઆઈ જવા રવાના થઈ ગયા હતા. બીજી તરફ ૧૧.૩૦ વાગે વણઝારા, પાંડિયન સહિત આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર રહ્યા હતા. હવે સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી ડી. જી. વણઝારા સહિતના તમામ આરોપીઓને મુંબઈની જેલમાં ખસેડવામાં આવશે.અમિત શાહ સહિતના આરોપી સીબીઆઈ કોર્ટમાં હાજર રહ્યાસુપ્રીમ કોર્ટના આદેશ મુજબ હવે સમગ્ર કેસ મુંબઈમાં ટ્રાન્સફર કરાશે

# આચારસંહિતા અમલી બનતા વિધાનસભાની સમિતીઓની હવે બેઠકો મળી શકશે નહી

ગાંધીનગર, તા.૬

ચૂંટણી આચારસંહિતા અમલી બનતા ગુજરાત વિધાનસભાની તમામ સમિતિઓની બેઠકો પણ રદ કરવામાં આવી છે.

વિધાનસભા સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા દ્વારા કુલ ૧૮ સમિતિઓની રચના કરવામાં આવે છે જેમાં ૧૪ સમિતિઓ બિન નાણાંકીય અને ચાર સમિતિઓ નાણાંકીય સમિતિઓનો સમાવેશ થાય છે.

વિધાનસભા દ્વારા રચવામાં આવેલી સમિતિઓ રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરી અને કરાયેલ ખર્ચા અંગેના જે મુદ્દાઓ આવે તે અંગેની તપાસ આ સમિતિઓ કરે છે અને ભલામણો કરે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગત ૪થી ઓકટોબરના રોજ જાહેર કરવામાં આવતા જ આ દિવસથી જ રાજયમાં આદર્શ ચૂંટણી આચારસંહિતા અમલી બનવા પામી છે.

આ ચૂંટણી આચાર સંહિતા વિધાનસભાની સમિતિઓને પણ લાગુ પડતી હોઈ વિધાનસભાની સમિતિઓની બેઠકો હવે મળી શકશે નહીં. હવે ચૂંટણી પૂર્ણ થયા બાદ નવી સરકારની રચના થાય અનેવિધાનસભાનું સત્ર મળે અને નવી સમિતિઓની રચના કરવામાં આવે ત્યારે જ બેઠકો મળશે.

# વટવા જીઆઈડીસીની ફેક્ટરીમાં ભીષણ આગ

## નીઓ પ્લાસ્ટ નામની ફેક્ટરીમાં એકાએક ભીષણ આગ



અમદાવાદ, તા. ૬

વટવા જીઆઈડીસી સ્થિત પ્લાસ્ટિક બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. જોકે ભીષણ આગમાં કોઈ જ જાનહાની થવા પામી નથી.વિગતવાર માહિતી એવી છે કે વટવા જીઆઈડીસી ફેઝ-૧ પ્લોટ નંબર ૫૩માં નીઓ પ્લાસ્ટ નામની પ્લાસ્ટીકના સ્પેર પાર્ટસ બનાવતી ફેક્ટરી આવેલી છે. શનિવારે બપોરે ૩.૧૫ વાગ્યે ફેક્ટરીની કેન્ટીનની ગેસની પાઈપ લાઈનમાંથી ગેસ લીકેજ થતાં આગ લાગી હતી. જોત જોતામાં આગે ભીષણ સ્વરૂપ ધારણ કરતા આખી ફેક્ટરી આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ચીફ ફાયર ઓફિસર દસ્તુર અને મણિનગર ફાયર સ્ટેશનના ઓફીસર પી. એસ. પરમાર ૫૦ જવાનો અને ૧૪ વાહનો સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાંચ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી હતી. આ અંગે ચીફ ફાયર ઓફિસર દસ્તુરે જણાવ્યું હતું કે, ફેક્ટરીમાં ૧૫૦ માણસો કામ કરતા હતા. પરંતુ એક પણ વ્યક્તિને કોઈપ્રકારની જાનહાનિ થઈ નથી. આટલું જ નહીં ફેક્ટરીમાં લાગેલી આગના કારણે વહીવટી બિલ્ડીંગ ભસ્મીભૂત થઈ ગયું હતું. જેના કારણે કમ્પ્યુટર સહિતની સામગ્રી બળી ગઈ હતી. પરંતુ ગોડાઉન અને વર્કશોપ બચાવી લેવામાં આવતા બહુ મોટુ નુકસાન થતા અટકાવી શકાયું છે.

# ક્રાઈમ બ્રાંચ દ્વારા અદ્યતન સોફ્ટવેર પીનાક બનાવાયું

## માત્ર એક ક્લીકથી ગુનેગારની કુંડળી મળશે : અમદાવાદના ૬૮ હજાર ગુનેગારોની માહિતી એક ક્લીક માત્રથી ઉપલબ્ધ બનશે : તપાસ કરવામાં સરળતા રહેશે

અમદાવાદ, તા. ૬

અમદાવાદ પોલીસ હવે માત્ર એક ક્લીકથી ગુનેગારની આખેઆખી કુંડળી મેળવી શકશે. ક્રાઈમ બ્રાંચ દ્વારા આ અદ્યતન સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. હાલમાં ૩૫ હજાર ગુનેગારોની કુંડળી ઉપલબ્ધ છે. અને આગામી ટૂંક સમયમાં અમદાવાદનાતમામ ગુનેગારોની માહિતી માત્ર એક ક્લીકથી ઉપલબ્ધ બની રહેશે.આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ડીસીપી હિંમાશુ શુકલએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં કોઈપણ પોલીસ મથકમાં ગુનેગારો ઝડપાય તો તેઓની ઓળખ માટે ક્રાઈમ બ્રાંચ ખાતે માસ્ટર ક્રાઈમ રિપોર્ટ એટલે કે એમસીઆર કાર્ડ બનાવાય છે. આવા એમસીઆર કાર્ડ ક્રાઈમ બ્રાંચ ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. અને આ તમામ કાગળોમાં કોઈ એક ગુનેગારની માહિતી શોધવી હોય તો તે કામ ખૂબ જ કઠીન ભર્યું હતું. અને કેટલીકવાર આવા કાગળો ફાટી જવાથી કે અન્ય કોઈ કારણસર બગડી જવાથી તે ગુનેગારની માહિતી મળી શકતી નહતી. આવા તમામ ગુનેગારોની માહિતી હાથ પર ઉપલબ્ધ બની રહે તે માટ આ સોફ્ટવેર બનાવવાનું વિચાર્યું હતું અને મહેસાણા પોલીસ બેડામાં ફરજ બજાવતા અને હાલમાં ક્રાઈમ બ્રાંચ ખાતે ડેપ્યુટેશન પર ફરજ બજાવતા કોન્સ્ટેબલ દિલીપસિંહ ઠાકોરે આ સોફ્ટવેર તૈયાર કરવાનું કામ સંભાળ્યું હતું.દરમ્યાનમાં ઉચ્ચ અધિકારીઓ અને ક્રાઈમ બ્રાંચના ટેકનીકલ સેલની મદદથી 'પીનાક' એટલે કે પ્રોગ્રામ ફોર આઈડેન્ટીફીકેશન અરેસ્ટ ઓફ ક્રિમીનલ નામનું સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. હાલમાં ૩૫ હજાર એમસીઆર કાર્ડ આ સોફ્ટવેર પર ઉપલબ્ધ છે અને આગામી સમયમાં ૬૮ હજાર એમસીઆર કાર્ડ ઉપલબ્ધ બની રહેશે. આ સોફ્ટવેરથી કોઈપણ ગુનામાં ઝડપાયેલા આરોપીની ઓળખ ભોગ બનનારને બતાવવાથી તુરંત થઈ જશે. નોંધનીય છે કે સમગ્ર ભારત દેશમાં આવું સોફ્ટવેર માત્ર ક્રાઈમ બ્રાંચ દ્વારા બનાવવામાં આવ્યું છે અને તે પણ માત્ર નજીવા ખર્ચમાં બનાવાયું છે.

# પ્રાંતિજમાં મોડી સાંજે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માતમાં બેના મોત

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ સી.કે. પટેલ કોલેજના વળાંકમાં મોડી સાંજે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત થતા બાઈક સવાર ત્રણ વ્યક્તિમાંથી એકનું ઘટનાસ્થળે મોત થયું હતું અને ૧૦૮ દ્વારા બે ઈજાગ્રસ્ત વ્યક્તિઓને પ્રાંતિજ આરોગ્ય ખાતાના દવાખાને લઈ જવામાં આવ્યા હતા પરંતુ બેમાંથી એકનું મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ વળાંકમાં સાંજના ૮.૩૦ કલાકે ત્રણ બાઈક સવાર ત્યાંથી પસાર થતા હતા અને અચાનક ટ્રક સામેથી આવતા અકસ્માત સર્જાતા ઘટનાસ્થળ ઉપર નાસીર પઠાણ (પ્રાંતિજ)નું મોત થયું હતું અને ઘાયલ બે ને પ્રાંતિજ આરોગ્યમાં ૧૦૮ દ્વારા લઈ જવામાં આવ્યા હતા પરંતુ ત્યાં પણ ડોકટરી સારવાર આપે તે પહેલા જ ભરતભાઈ દરબાર (પ્રાંતિજ)નું મોત નિપજ્યું હતું અને ત્રીજા ઈજાગ્રસ્તને પણ વધારે ઈજાઓ થતા હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ સમાચાર સાંભળી લોકોના ટોળા ઘટના સ્થળે તથા દવાખાને દોડી આવ્યા હતા અને પ્રાંતિજ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી અને આગળની તપાસ હાથ ધરી હતી. જ્યારે કુટુંબીજનોને અકસ્માતની જાણ થતાં દુઃખનું મોજુ ફરી વળ્યું હતું.

## વિવેકાનંદ યાત્રા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થશે. આ પછી યાત્રા દહેગામ થઈ ચિલોડા આવશે જયાં ૪.૩૦ વાગે સ્વાગત કરવામાં આવશે.

આ પછી યાત્રા ચિલોડા થઈ ગાંધીનગર શહેરમાં સે-૩૦ સર્કલ પાસે પ્રવેશ કરશે ત્યારે શહેર ભાજપ દ્વારા સ્વાગત કરવામાં આવશે. આ પછી આ યાત્રા સે-૨૮ થઈ સીધી પેથાપુર ચાર રસ્તા ખાતે પહોંચશે જયાં તાલુકા ભાજપ દ્વારા સ્વાગત થશે અને મુખ્યમંત્રીશ્રી ટુંકું સંબોધન કરશે તેમ મનાઈ રહ્યું છે.

આ પછી યાત્રા રાંધેજા થઈ માણસા જશે અને માણસા ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિના મેદાન ખાતે જાહેરસભા સંબોધશે. ત્યાંથી તેઓ સીધા કલોલ જશે અને રાત્રે ૭.૪૫ કલાકે નવજીવન મીલ કમ્પાઉન્ડ ખાતે જાહેરસભાને સંબોધશે.

મુખ્યમંત્રીશ્રીની વિવેકાનંદ યાત્રાના આગમનને લઈ જિલ્લાભરમાં ઉપયાત્રાઓનું આયોજન કરાયું છે. આજે ચિલોડા પંથકમાં આવી એક ઉપયાત્રાનું આયોજન કરાયું હતું જેને ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપયાત્રા ગિયોડ અંબાજી માતાના મંદિર ખાતેથી આરંભાઈ હતી. આ પ્રસંગે તાલુકા પ્રમુખ શ્રી શૈલેષ પટેલ, મહામંત્રી અતુલ પટેલ, રવજીજી ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

આ યાત્રાના આગમનને લઈ આજે ગાંધીનગર શહેરમાં પણ શહેર ભાજપ દ્વારા એક ઉપયાત્રાનું આયોજન કરાયું છે. શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટે જણાવ્યું હતું કે આ ઉપયાત્રા ગાયત્રી મંદિરથી પ્રસ્થાન કરશે. અને નવા સેકટરોના રીંગ રોડ પર ફરી સે-૧૬ ખાતે વિરામ લેશે. આ પછી ૮મીએ આ ઉપયાત્રા સે-૭ હનુમાનજી મંદિરથી નીકળી સેકટરોમાં ફરી સે-૩૦ના સર્કલ ખાતે પહોંચશે જયાં મુખ્યમંત્રીના નેતૃત્વમાં આવતી યાત્રાનું સ્વાગત કરશે.

શહેરમાં નીકળનારી આ ઉપયાત્રામાં સંગઠનના હોદેદારો, કાઉન્સીલરો સહિત વોર્ડ દીઠ આગેવાનો મોટી સંખ્યામાં જોડાશે. આ રેલીને લઈ શહેરભરમાં ભારે ઉત્સાહનું વાતાવરણ હોવાનું પણ શ્રી રૂચિર ભટ્ટે જણાવ્યું હતું.

## શબ્દાવલી - ૪૮૬૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | ■ | |
| ૮ | | | ■ | ૯ | | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ■ | | ■ |
| | ■ | | ■ | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | | ■ |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | |

**આડી ચાવી**

૧. કમકમાટી (૪)
૪. કંકાશ, કકળાટ (૩)
૬. ખંજવાળ, ચળ (૩)
૮. ચુડેલ, ડાકણ (૩)
૯. ઉપર ઉપર દેખાય પણ હોય નહિ, ...મેલ જોલ ના હોય તેવું (૪)
૧૧. ઉદાસ, નિરાશ (૩)
૧૨. ઊંધુ (૩)
૧૪. મરઘો, કુકડો (૪)
૧૬. ચોર (૩)
૧૮. હાઉસ, મકાન (૨)
૨૦. કર્મ (૩)
૨૧. બોલવું તે, વાચા (૨)

**ઊભી ચાવી**

૧. આગ ઓલવનાર (૫)
૨. હાથથી વગાડાતુ તંબુરા જેવું એક વાદ્ય (૫)
૩. ટપકું, નાનો ચાંદલો (૨)
૫. બોજો ઉપાડનાર મજૂર (૩)
૭. લાલાશ (૩)
૧૦. મેળો, સંમેલન (૪)
૧૨. સીમંતનો પ્રસંગ (૪)
૧૩. સૂર્ય, રવિ (૩)
૧૫. રઘવાટ, ગભરાટ (૩)
૧૬. મોકો, લાભ (૨)
૧૭. દારૂની એક જાત (૨)
૧૯. અધિકાર (૨)

**શબ્દાવલી ૪૮૬૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) પલીતો (૪) પરલોક (૬) રખડપટ્ટી (૮) ફોડ (૯) ચકરી (૧૧) ગલાલ (૧૨) રત (૧૪) કોપાયમાન (૧૬) કલમ (૧૮) વેરાવળ (૧૯) (૨૧) જાર (૨૨) જાત

**ઊભી ચાવી :-** (૧) પરણેત્તર (૨) લીખ (૩) તોડફોડ (૪) પટ્ટી (૫) કપરી (૭) પડ (૯) ચલાયમાન (૧૦) કલમા (૧૧) ગપા (૧૩) તકરાર (૧૪) કોમળતા (૧૫) નજાકત (૧૭) લવ (૧૮) વેજા (૨૦) રજા


